ગુજરાતમાં વરસાદ સારો રહેશે ત્રીજી જુલાઈથી મેઘરાજા પધારશે

જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલની આગાહી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલ જણાવે છે કે હાલમાં જૂન માસના થોડા દિવસ પહેલાં ચોમાસુ વરસાદ આવીને વરસાદ ખેંચાઈ રહ્યો છે ત્યારે ખેડૂત ભાઈઓ ચિંતામાં મૂકાયા છે અને વરસાદની રાહમાં છે. સામાન્યતઃ છેલ્લા થોડાક વર્ષોથી જોતાં આદ્રા નક્ષત્રમાં વરસાદની પેટર્નમાં ફેરફાર થયો હોય તેવું જણાય છે. મે માસના અંતમાં અને જૂનની શરૂઆતમાં વરસાદ આવીને જુલાઈ માસમાં વરસાદ આવવાનો વર્ષોનો અનુભવ જોવા મળેલ છે આથી હજુ વરસાદ ન થાય અને દુષ્કાળ પડે એવું જણાતું નથી. કારણ કે અલનીનોની અસર આ વર્ષમાં થાય તેવું એક અનુમાન છે. પરંતુ ઘણી વખત અલનીનોની અસર હોવા છતાં રાજયમાં વરસાદ સારો થયેલ છે.

આ વખતે ત્રીસ વર્ષમાં સૌથી કંગાળ ચોમાસાની આગાહી છે ત્યારે અને ગુજરાતમાં વરસાદ નીચો રહેશે તેવી આગાહી થયેલ છે. દેશના મોટાભાગના વિસ્તારમાં હજુ ચોમાસાએ તેના પગરણ કર્યા નથી ત્યાં વળી ત્રીસ વર્ષમાં પડેલ વરસાદ કરતાં આ વરસે ઓછો વરસાદ પડશે અને અલનીનોના કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાનું મનાય છે ત્યારે ઓછા વરસાદના કારણે દેશના અર્થતંત્ર અને ખેતીને નુકશાન વેઠવું પડે તેવી ભીતી સર્જાઈ છે. જયારે આ વર્ષ અલનીનો (જળવાયુનું ગરમ થવું) ચોમાસાની બાજી બગાડી શકે છે કે કેમ તે અંગે જોતાં ૧૯૮૨/૮૩ના વર્ષમાં અલનીનોના કારણે પરદેશનાં રાષ્ટ્રોને હવામાન અંગે ભારે વેઠવાનું થતાં અર્થતંત્ર ઉપર તેની માઠી અસર જોવા મળેલ હતી. ૮૨/૮૩ના વર્ષમાં જોતાં રાજયમાં ૧૯૮૨માં અમદાવાદમાં અને ૮૩માં અમદાવાદમાં સારો વરસાદ, બનાસકાંઠામાં ૮૨માં ઓછો ૮૩માં સારો, વડોદરા-એકંદરે સારો જયારે ૮૩માં ભારે, ભરૂચ ૮૨માં ઓછો-૮૩માં ભારે, વલસાડ ૮૨માં સારો-૮૩માં ભારે, ડાંગ-૮૨માં સારો-૮૩માં ભારે, ગાંધીનગરમાં ૮૨માં ઓછો ૧૯૮૩માં સામાન્ય, ખેડા ૮૨માં સારો-૮૩માં વધુ, મહેસાણા ૮૨-સામાન્ય- ૮૩માં સારો, પંચમહાલ ૮૨માં સામાન્ય - ૮૩માં સારો, સાબરકાંઠા ૮૨માં ઓછો અને ૮૩માં સારો, સુરત ૮૨માં સારો-૮૩માં ભારે, ભાવનગરમાં ૮૨માં ઓછો અને ૮૩માં સામાન્ય, જામનગર ૮૨માં સારો ૮૩માં સારો, જુનાગઢમાં ૮૨માં સારો-૮૩માં સારો, કચ્છમાં ૮૨માં ઓછો અને ૮૩માં ઓછો, રાજકોટ ૮૨માં ઓછો ૮૩માં મધ્યમ, સુરેન્દ્રનગર ૮૨માં ઓછો-૮૩માં ઓછો, સામાન્ય રીતે ૧૯૮૨/૮૩માં ૮૦૦૦થી વધુ ગામડાઓને અસર થયેલ છે. જેમાં સૌથી વધુ અસર સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ અને કચ્છમાં જોવા મળેલ છે.

પરંતુ આ વરસમાં ગ્રહો અંગે જોતાં બુધ અને શુક્ર ગ્રહો મહદ અંશે જળદાયક નાડી નક્ષત્રમાં રહે છે. જયારે ગુરુ વૃષભ રાશીમાં રહેતા ચોમાસુ ગ્રહોની દૃષ્ટિએ જોતાં કયાંક વરસાદ ભારે તો ક્યાંક ઓછો તેવું થઈ શકે પરંતુ ૧૯૭૨ના વર્ષ જેવું આવી શકે નહિ તેવું ગ્રહોની દૃષ્ટિએ જોતાં જણાય છે. નિષ્ક્રિય થયેલ ચોમાસુ ૨૯મી જૂન સુધીમાં સક્રિય થાય જયારે ૩૦ જૂન અને ૧લી બીજી જુલાઈમાં મુંબઈ-મહારાષ્ટ્રમાં ચોમાસુ વરસાદના એંધાણ રહે જયારે તા. ૩ થી ૧૦માં રાજયના ઘણા ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની ધારણા રહે.

તા. ૨૦ જૂન પછીનું ચોમાસુ પવનની ગતિ રહેતા કોઈ કોઈ ઠેકાણે વરસવામાં હતું સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં વરસાદ થવામાં હતો પવન ફૂંકાવાની એક પ્રક્રિયા ચોમાસા અંતર્ગત ભાગરૂપે હોઈ દુષ્કાળ પડે તેમ ગણી શકાય નહિ. વળી વનસ્પતિના લક્ષણો જોતાં વડને વડવાઈ ફૂટવામાં છે જે નિશાની હવામાં બાષ્પની વિપુલતા બતાવે છે. પરંતુ દેશના મધ્યભાગમાં અતિ ગરમી રહેતાં રાજસ્થાન તેમજ ઉત્તર ગુજરાતના ભાગોમાં ગરમીથી વાદળોના કાતરા વિખરાઈ જતા હતા આથી વરસાદ ખેડવૃષ્ટિમાં થતો હતો. વળી અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરનું વહન સાથે ચાલતું ન હોવાથી બંને વચ્ચે અંતર પડતાં સારો વરસાદ થવામાં ન હતો.

વરસાદની દેન કુદરતના હાથમાં હોવા છતાં ગ્રહો તેમજ અન્ય દૃષ્ટિએ જોતાં આગામી થોડાક જ દિવસોમાં ચોમાસું વહન સક્રિય થતાં જુલાઈની શરૂઆત સુધીમાં રાજયના ઘણા ભાગોમાં સારો વરસાદ થઈ શકે. ભૂતકાળના વર્ષો જોતાં અલનીનોની અસર હોવા છતાં ચોમાસામાં સારો વરસાદ થયેલ જોવા મળે છે. જો કે એક ભાગમાં ઘણો ભારે વરસાદ તો બીજા ભાગમાં ઓછો વરસાદ થતાં ઓછા ભાગોમાં અછત જેવું જણાય છતાં ચોમાસું એકદંરે ૧૯૯૩થી ૯૬ ટકા જેવું ગુજરાતમાં ગણી શકાય. હાલમાં મોનસુન ટ્રેક કોંકણથી કેરાલા સુધી છે અને જમીનથી ઉપલા લેવલના ભેજમાં હાલ ઉપર સ્થિતિ હોવાનું જણાય છે પરંતુ દોઢથી ત્રણ કિલોમીટર વચ્ચે ભેજનું પ્રમાણ ઓછું હોવાથી વરસાદની સ્થિતિ સાનુકુળ જણાતી નથી. હાલ ઉત્તર ભારતમાં ચોમાસાની ધરી છવાતી હોય તે હિમાલયની ટોચ સુધી વધુ સક્રિય છે અને નેઋત્ય ચોમાસાની ઉત્તરીય રેખા હાલ વેરાવળ અને નવસારીમાંથી પસાર થાય છે તે હજુ યથાવત છે. આગામી દિવસોમાં સક્રિય થતાં ભેજનું પ્રમાણ વધતાં રાજયમાં સારો વરસાદ થશે.

ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચાની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરના પ્રમુખ રૂચીર ભટ્ટે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગર મહાનગર યુવા મોરચાની બેઠક તાજેતરમાં સેક્ટર-૨૧ ખાતે મળી હતી. જેમાં યુવા મોરચાને વધુ મજબુત બનાવવા અને સંગઠનમાં એક સુત્રતા રાખી યોગ્ય આયોજનો કરવા ચેરમેન દ્વારા હાકલ કરવામાં આવી હતી.

એસ.ટી. બોર્ડના ચેરમેન તેમજ ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જ કે.સી. પટેલે યુવા મોરચાની બેઠકમાં હાજરી આપી યુવાનોને સતત કાર્યશીલ રહેવા જણાવ્યું હતું. ગાંધીનગર મહાનગરના પ્રમુખ રૂચીર ભટ્ટ, યુવા મોરચાના પ્રમુખ ઉરેન પટેલ તેમજ વિવિધ મોરચા, સેલના હોદેદારો, વોર્ડના યુવા કાર્યકર્તાઓએ પણ સમગ્ર બેઠકમાં હાજર રહી સંગઠનની મજબુતાઈને વધારવા પોતાની રજૂઆતો કરી હતી.

સમગ્રબેઠકમાં આગામી ૩૦મી જૂન-૨૦૧૨ને શનિવારે યુવા સંમેલન યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ યુવા મિત્રોને ૩૦મી જૂને બપોરે ૪ કલાકે સેક્ટર-૬ના બગીચામાં મળવાનું આયોજકોએ જણાવ્યું છે.

દબાણો હટાવવા અને મનપાને વધુ જગ્યા ફાળવવા કલેક્ટરને આવેદનપત્ર અપાયું

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં વધતા જતા દબાણો ઝૂંપડપટ્ટીના મુદ્દે અને વધતી જતી ગુનાખોરી તેમજ કોર્પોરેશન માટે વધુ જગ્યાની ફાળવણી કરવા માટે આજે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના નેતૃત્વમાં કોંગ્રેસ પક્ષના કાઉન્સીલરો તેમજ આગેવાનોનું એક પ્રતિનિધિ મંડળ જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપને મળ્યું હતું અને આવેદનપત્ર આપ્યું હતું.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલ તથા પક્ષના નેતા ચીમન વિંઝુડાએ આવેદનપત્રની વિગતો આપતાં જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરમાં વધતા જતા અકસ્માતના બનાવો ઉપરાંત ચોરીના બનાવોના પ્રમાણમાં ઘણો વધારો નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં ચેઈન સ્નેચીંગના બનાવો પણ વધી રહ્યા છે. ગુનાઓના ડિટેકશનનું પ્રમાણ વધુ ઓછું છે જેથી આજે અમે આ આવેદનપત્ર આપી રજૂઆત કરી છે.

પક્ષના પ્રવક્તા શ્રી અશ્વિન વ્યાસે જણાવ્યું હતું કે ઝૂંપડપટ્ટી તેમજ દબાણો જે રીતે વધી રહ્યા છે તેને નાથવા માટે અસરકારક પગલાં લેવા માટે અમે આગ્રહ કર્યો છે એટલું જ નહિ આ સત્તા કોર્પોરેશનને સોંપવા માટે પણ કલેક્ટરને જણાવ્યું છે.

ગાંધીનગરના મેયર શ્રી રાણાએ ગાંધીનગર કોર્પોરેશનને વધુ જગ્યા ફાળવવાની માંગણી દોહરાવતાં જણાવ્યું હતું કે અમે વારંવાર આપને રજૂઆતો કરી છે પણ અમારી માંગણી પરત્વે કોઈ ધ્યાન અપાયું નથી તે દુઃખદ છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ દબાણો અંગે પાટનગર યોજનાને રજૂઆત કરવાનું સૂચવવામાં આવતાં કોર્પોરેશને અધિક્ષક ઈજનેરશ્રીને પણ આવેદનપત્ર મોકલી આપ્યાનું શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું.

સે.૬ સંઘર્ષ સમિતિ દ્વારા ઝૂંપડાં હટાવવા જલદ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં સુંદર અને શાંતિપૂર્ણ વાતાવરણને ગંદકીના સમાજયમાં ફેલાવી રહેલાં ઝુંપડાવાસીઓ તથા ખુલ્લી જગ્યામાં પડી રહેતાં શ્રમજીવીઓને હટાવવાની સે.-૬ સંઘર્ષ સમિતિએ પૂરજોશમાં કામગીરી શરૂ કરી છે.

તાજેતરમાં યોજાયેલી મીટીંગમાં મોટી સંખ્યામાં વસાહતીઓ હાજર રહ્યા હતા. આગામી ચોમાસાના દિવસોમાં ગંદકી અને રોગચાળાના પ્રશ્ન વિકટ બનશે. તેને અટકાવવા વસાહતીઓ કમર કશી છે.

કલેકટરશ્રી, પ્રભારીમંત્રી જયસિંહ ચૌહાણને આવેદપત્ર આપ્યા હતા. પ્રભારી મંત્રી જયસિંહ ચૌહાણે તાત્કાલીક પગલાં લેવાં સુચના આપી હતી. વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે, નગરસેવક કાર્તિકભાઈ પટેલ સંઘર્ષ સમિતિના હોદેદારો સહિત મોટી સંખ્યામાં વસાહતીઓ હાજર રહ્યા હતા.

ઝુંપડા હટાવ આંદોલન તેજ બનાવવા તેમજ ચળવળને વેગવાન કરવા માટે તા. ૧ જુલાઈના રોજ સે.-૬ ખાતે આયોજન કરાયું છે. દરેક સેકટરમાં મીટીંગનું આયોજન કરવામાં આવનાર છે.

આજથી જિલ્લાના શહેરી વિસ્તારમાં ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના નગરપાલિકા વિસ્તાર અને ગાંધીનગર શહેર વિસ્તારમાં આજથી ત્રિદિવસીય શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમનો આરંભ થઈ રહયો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ, સાંસદ હરિનભાઈ પાઠક સહિત બોર્ડ-નિગમના ચેરમેનશ્રીઓ, આઈ.એ.એસ અને જિલ્લાના અધિકારીશ્રીઓ બાળકોની વિવિધ શાળાઓમાં -વેશવિધિ સંપન્ન કરાવશે.

આજથી શરૂ થતાં શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર શહેરી વિસ્તારમાં તા. ૨૮ થી ૩૦ મી જૂન દરમ્યાન ઈન્ડેક્ષ-બીના મેનેજીંગ ડાયરેકરટ શ્રી મુકેશકુમાર વિવિધ શાળાઓમાં બાળકોને કંકુતિલક કરીને -વેશ કરાવશે. તા. ૨૮ અને ૩૦મી જૂનના રોજ નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી,ગાંધીનગર શ્રી જે.જી.જોષી વિવિધ શાળાઓમાં બાળકોની -વેશવિધિ સંપન્ન કરાવશે. તા. ૨૯ મી જૂનના રોજ બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ નિગમના ચેરમેન શ્રી પુનમભાઈ મકવાણા સેકરટ-૨,૭,૧૩,૧૬ અને ગોકૂળપુરાની -થમિક શાળાઓમાં બાળકોને -વેશ અપાવશે.

ગાંધીનગર જિલ્લા -ભારી મંત્રી અને શિક્ષણ રાજય મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ તા.૨૯મી જૂનના રોજ માણસા નગરપાલિકા વિસ્તારની પાંચ શાળાઓમાં -વેશવિધિ સંપન્ન કરાવશે. તા. ૩૦ મી જૂનના રોજ સંસદ સભ્ય શ્રી હરિનભાઈ પાઠક દહેગામ નગર પાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ પાંચ ગામોની -થમિક શાળાઓમાં બાળકોનું નામાંકન કરાવશે. તે ઉપરાંત તા. ૨૮મી જુનના રોજ બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ નિગમના ચેરમેન શ્રી પૂનમભાઈ મકવાણા કલોલ નગરપાલિકા વિસ્તારની -થમિક શાળાઓમાં બાળકોનું નામાંકન કરાવશે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર તા. ૨૮મી જુનના રોજ દહેગામ નગરપાલિકા વિસ્તારમાં, તા.૨૯મી જૂનના રોજ કલોલ નગરપાલિકા વિસ્તારમાં અને તા. ૩૦મી જૂનના રોજ મોટેરા કુમાર અને કન્યા શાળામાં બાળકોને -વેશ કરાવશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬
સૂર્યાસ્ત : ૭.૨૯

તાપમાન

મહત્તમ : ૩૮.૬ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૪૨ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

તેરી મેરી કહાની : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

તેરી મેરી કહાની : ૧૦.૦૦
ગૈન્સ ઓફ વાસાઈપુર : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

રાઉડી રાઠોડ : ૧.૦૦, ૧૦.૦૦
ફરારી કી સવારી : ૪.૦૦
તેરી મેરી કહાની : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

ગૈન્સ ઓફ વાસાઈપુર : ૧૦.૦૦
ફરારી કી સવારી : ૧.૦૦, ૧૦.૦૦
રાઉડી રાઠોડ : ૩.૩૦, ૬.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રાઉડી રાઠોડ : ૧૧.૧૫, ૪.૪૫, ૧૦.૧૫
કેવી રીતે જઈશ (ગુજરાતી) : ૨.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૨ :

તેરી મેરી કહાની : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

ગૈન્સ ઓફ વાસાઈપુર : ૯.૧૫, ૧૨.૧૫,૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

ફરારી કી સવારી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ગૈન્સ ઓફ વાસાઈપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : વ્યાપાર- વ્યવસાયક્ષેત્ર અને નોકરીયાત વર્ગ માટે આ દિવસ પ્રગતિકારક બની રહેશે. ધંધાર્થી વર્ગ માટે ઉન્નતિના માર્ગ માટે સહાયતા મળે. વિવાદાસ્પદ ભૂમિકાથી દુર રહેવું.

વૃષભ : વાહન ચલાવતા ધ્યાનસ્થ રહેવું. તે આપના માટે હિતકારક છે. સામાજિક ચિંતા હળવી બને. ભૌતિક સુખ માટે આગવી પ્રતિભા પ્રાપ્ત થાય.

મિથુન : કાયદાકીય રીતે ગૂચવાયેલ પ્રશ્નોનું સમાધાન થાય. સંતાન સબંધિત ચિંતાઓ દુર થતી જણાય. આપના કાર્યક્ષેત્રે સમય પ્રગતિકારક બની રહે.

કર્ક : સ્વાથ્ય સબંધિત સુખાકારી જળવાઈ રહે. ગૃહસ્થાશ્રમ તરફ જનારા યુવક-યુવતીને જીવન સાથી માટે પસંદગી માટે શુભ સમય કહેવાય. યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

સિંહ : સંતાન સબંધિત પ્રતિકુળતા જણાય. સામાજિક આપત્તિ આવવાનો અણસાર મળે અને જવાબદારીઓના ભાર નીચે દબાતા આર્થિક વ્યય થતો જણાય.

કન્યા : જુના મિત્રો- સ્નેહીજનોને મળવાની ઈચ્છામાં પરિપૂર્ણતા જણાય. આપનો આ સમય ખુબ આનંદોત્સવ અને કાર્ય સિધ્ધિમાં પૂર્ણતા આવે.

તુલા : આજીવિકા ક્ષેત્રે નવા આર્થિક વૃધ્ધિના પરિબળો સાકાર થતા જણાય. કૌટુંબિજનો સાથે યાત્રા- પ્રવાસ થઈ શકે છે. આવક કરતાં જાવકમાં વધારો ન થાય તેની કાળજી લેવી.

વૃશ્ચિક : ભાગ્યોદયમાં ઉજ્જવળતાના ચિહ્નોના દર્શન થાય. નિરાશા જનક પરિસ્થિતિમાં રાહત મળે અને વિલંબિત થયેલા કાર્યમાં ઉકેલ આવે.

ધન : સ્વાસ્થય બાબતે વડિલ વર્ગ તરફથી આકસ્મિત નાણાંકીય ખર્ચ આવવાની શકયતા જણાય. નોકરીયાત વર્ગને ઉપલા અધિકારીઓથી સાચવવું. વાદ વિવાદમાં ન ઉતરવું.

મકર : સામાજિક ક્ષેત્રમાં કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ આવી જાય. ભૌતિક ક્ષેત્રમાં સુખ સમૃધ્ધિમાં વૃધ્ધિ થતી જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે.

કુંભ : ગૃહસ્થાશ્રમના વાતાવરણમાં સુમેળતા જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠાનો પ્રશ્ન - ચિંતા જનક બની રહે. આકસ્મિક ધન લાભ થાય.

મીન : વ્યાપારિક ક્ષેત્રમાં કોઈ મોટુ સાહસ કરવું હોય તો કરી શકાય. કોર્ટ બાબતના પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય. કૌટુંબિજનો સાથે આનંદ પ્રમોદથી દિવસ પસાર થઈ શકે છે.

ચિરવિદાય

● સ્વ. ઈશ્વરભાઈ શિવાનંદ પટેલ (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૫૧૫/૨, સેકટર-૨૩, વિરાટનગર સોસાયટી, ગાંધીનગર.

ત્રિવિધ પાડોશીઓનો સમન્વય થયો છે, ડૂબી ભક્તિરસમાં અહં લય થયો છે શ્રીજી માતાજી, સાંઈના સંગીત સાથે, સમર્પણના ભાવમાં સંબંધ ઉજળો થયો છે

પરિવર્તન એ સમયની ડિમાન્ડ છે. આજે પરિવારમાં સ્વજનો નથી રહેતાં. મહેમાનો રહે છે. પરિવારમાં સાથે છે, કારણ કે સાથે રહેવાનાં આનંદ સિવાયનું કોઈ ઈતર કારણ છે. પૈસા, સગવડ, પ્રતિષ્ઠા, આશરો- ગમે તે કારણ હોઈ શકે, પરંતુ પરિવારમાં હોવાની કશી સભાનતા નથી. જન્મ્યા તેથી પરિવારના, બાકી બીજું કોઈ જ પ્રયોજન નહીં. આપણે નિશાળે જઈએ છીએ, તો અભ્યાસ માટે. દુકાને કે ઓફિસે જઈએ છીએ તો વ્યવસાય -નોકરી માટે. મંદિરે જઈએ છીએ તો શાંતિ માટે. કલબમાં જઈએ છીએ તો મિત્રો માટે, બસ ઘર એક એવી ચીજ છે, જ્યાં જવા માટે કશા કારણની જરૂર નથી. હવે જો ઘરમાં જ પૂરતું ધ્યાન ના હોય ત્યાં પાડોશીની પંચાતમાં કોણ પડે? આવો સૌનો પ્રેકટીકલ સ્વભાવ બન્યો છે..!

પણ અપરિચીતને પરિચીત બનાવી, પાડોશીને પોતીકો બનાવી પારિવારીક ભાવના ઉજાગર કરવામાં ચમત્કાર હજુએ આપણી આજુબાજુમાં બનતાં જોવાં મળે છે.. ચ-૬ સર્કલની પાસે એ.ડી.સી. બેંકની લાઈનમાં હરેશભાઈ રાઠોડનું નિવાસ સ્થાન આવેલું છે. હરેશભાઈનું ગાંધીનગરની કલારસીક જનતા માટે નવું નથી. ગાંધીનગરની શરૂઆતથી જ આવીને વસેલાં હરેશભાઈ રાઠોડ રમત-ગમતની સાથે ક્રિકેટના અધિક પ્રેમ કરતાં અને સેકટર-૨૧ જીમખાનામાં નિયમીત રીતે રમવા જતાં, પણ મૂળ જીવ એમનો સંસ્કૃતિ અને સાંસ્કૃતિનો એટલે ગરબા-નાટ્યક્ષેત્રે એમનો અનન્ય ફાળો. ગાંધીનગરમાં હાલ જે સાંસ્કૃતિક સંસ્થાઓ ચાલે છે, એમાં ક્યાંક ને ક્યાંક હરેશભાઈ રાઠોડનો રંગ લાગેલો જ હોય છે. હકારાત્મક અભિગમનાં ચલતાં પૂર્જા જેવાં હરેશભાઈ રાઠોડનાં બબ્બે પાડોશી એમની પાસેથી એનર્જીનું ટોનીક મફતમાં મેળવે છે..!!

સેકટર-૨૧માં પૂજા ઓટોના માલિક જવાહરભાઈ રામનાણી હરેશભાઈના પાડોશી, સિંધીબંધુ એટલે ધંધામાં ઓતપ્રોત પણ એમનાં ધર્મપત્નિ દિપીકાબેન એટલે સતત ખણકતો રહેતો સિક્કો, એ આ બંને પરિવાર વચ્ચે હાજર હોય એટલે એટેકશન બધુંત્યાં જ અને હરેશભાઈ રાઠોડ અને દિપીકાબેન ભેગાં મળે એટલે હસીખુશી કી શામ અને ફિરકી લેવાનું કામ, પણ ક્યારેક કોઈ મજાક મસ્તિમાં માઠું લગાડે નહીં. વાંચન અને સંગીતનો શોખીન ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતો ભાગ્યેશ અને ધોરણ -૮માં ભણતી શીખા જવાહરભાઈ-દિપીકાબેનનાં બાળકો એમનાં ઘરે



ઓછાં ને હરેશભાઈનાં પત્નિ બની બા ઘરે વધુ ઉછરેલાં છે..!

સંબંધ સજાવે જિંદગી
પહેલો સગો પાડોશી
- સંજય થોરાત
gsrelation@yahoo.com

હરેશભાઈ રાઠોડનો મોટોદિકરો જય રાજકોટમાં બિઝનેશ કરે છે અને એનાં સંસાર સાથે ત્યાં જ સેટલ છે. દિકરી ગ્રીષ્મા આઈ.ટી. એન્જિનીયર થઈ છે. કોલેજમાં ગરબામાં ધુમ મચાવતી ગ્રીષ્મા કલ્ચરલ ફોરમમાં કયારેય વિજેતા થઈ નથી કારણ કે ત્યાં એનાં પિતા હરેશભાઈ રાઠોડ જજ તરીકે હોય છે..! હરેશભાઈનો દિકરો જય એનાં પરિવાર સાથે ખાસ રજાઓ ગાળવાં ગાંધીનગર આવે છે. અને આ ત્રણેય પરિવારમાં મસ્તીથી વેકેશન મનાવી પાછો જાય છે.

હરેશભાઈના ત્રીજા પાડોશી છે સુરેશભાઈ શાહ સરકારનાં આદિજાતી વિકાસ વિભાગમાં એસ.ઓ. તરીકે ખરાં અર્થમાં સેવાં એટલાં માટે આપે છે કે તેઓ લગભગ દરરોજ ૧૦-૧૨ કલાક કામ કરે છે. સુરેન્દ્રભાઈનાં સંગીની જયમિતાબેન એમનાં દિકરાં મૃગેશને ઓસ્ટ્રેલિયા અને એમ.બી.એ. થયેલી દીકરી પ્રિયંકાને સાસરે વળાવી નિવૃતિની પ્રવૃતિમાં બીનાબા અને દિપીકાબેન સાથે ઉનાળામાં ભેગાં થઈ અથાણું, છુંદો બનાવે છે. ત્રણેય બહેનો ભક્તિનાં રંગે રંગાયેલી છે એટલે સાંઈ ભક્તિના ભજનો પણ કરે છે. આ ત્રણેય પરિવારોમાં એક વાત ખાસ નોંધવા જેવી છે કે હરેશભાઈ દરબાર, જવાહરભાઈ સિંધી અને સુરેન્દ્રભાઈ વણીક હોવાં છતાં આમનાં પરિવાર પેલાં દુધમાં સાકરની જેમ ભળી ગયેલાં છે.

છેલ્લાં ૨૦ વર્ષથી એકબીજાનાં સુખ-દુખના સાથી બનેલાં પોડાશીઓ એ એકાદ દુખ પ્રસંગો એવી સજજડ એકતાં અને પ્રાર્થના કરી કે મોતના મુખમાં ધકેલાયેલા સુરેન્દ્રભાઈને હેમખેમ બચાવી લીધાં. આજથી ચાર વર્ષ પૂર્વે સુરેન્દ્રભાઈ શાહને બ્રેઈન સ્ટ્રોક આવેલો, સાંઈ અને બાપુ બંને જણા તત્કાલીક એમને ગાંધીનગર સિવીલ લઈ ગયેલાં અને ત્યાંથી બાઈ બાઈ ચાયણી કરતાં અમદાવાદ સિવીલ, વી.એસ.અને છેલ્લે સાલમાં દાખલ કરી ૭ કલાકનાં મેજર ઓપરેશન બાદ સુરેન્દ્રભાઈને બચાવીને જ બિમારીથી સાલ છોડાવી.. સુરેન્દ્રભાઈ પોતે દૃઢતાથી માને છે કે ૮૮ ટકા કેસોમાં આ બિમારીએ કંઈક સાઈડ ઈફેટ આવે છે, અને હું હેમખેમ ૧૦૦ ટકા સાજો થઈ આજે જે બોનસ લાઈફ જીવું છું એમાં આ પાડોશીઓ જ શતપ્રતિશત નિમિત્તબન્યાં છે...!

આમાં આ ત્રણ પરિવારમાંથી બે પરિવારનાં ત્રણ સંતાનોનાં લગ્નમાંય એકબીજા આત્મીયતાથી જોડાઈ રંગેચંગે લગ્ન પાર પાડેલાં છે. જવાહરભાઈ તો બીનાબાને રાખી બાંધે છે. ઓસ્ટ્રેલીયાથી મૃગેશ ફોન કરી મમ્મીની સાથે એની બંને બહેનપણીની યાદ પૂછે છે. આમા હરેશભાઈ રાઠોડને ત્યાં લક્ષ્મીજીનાં ચાર હાથ છે. પણ એમણે ક્યારેય ધનકુબેરનો આડંબર બતાવ્યો નથી. ત્રણ-ત્રણ આધુનિક ગાડીનાં માલીક હોવાં છતાં આ ત્રણેય પરિવાર સાંઈની મારૂતીવાનમાં સાંકડ માંકડ બેસી મસ્તીથી અંતાક્ષરી રમતાં અંબાજીનાં દર્શને જાય છે. સમયની ભાગાદોડમાં પરિવાથી સ્વજનો વિમુક્ત થઈ રહ્યા છે. એવામાં આ ત્રણેય પરિવારો હમ સાથ સાથ હૈ ની જીંદગી આનંદથી જીવીને સમાજમાં પાડોશીનાં નાતાને અનોખો પારિવારીક આત્મિય ટચ આપી રહ્યા છે. .. હરેશભાઈ રાઠોડને ૯૪૨૬૦૮૩૮૩૫ પર શુભેચ્છા આપી શકો છો...

‘હમ સાથ સાથ હૈ’ની જેમ હલ્લા ગુલ્લા કરતાં હરેશ રાઠોડ, જવાહર રામનાણી, સુરેન્દ્ર શાહનો પરિવાર મારૂતિ વાનમાં સાંકડમાંકડ બેસીને અંતાક્ષરી રમતાં રમતાં અંબાજીનાં દર્શને જાય છે